**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦       ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૧૬/૦૯/૨૦૧૭ શનિવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**<u>અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં</u>**
**<u>આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-</u>**                                        **<u>સમાચાર યાદી નં.૧૮૬૭/૧૭</u>**

## <u>વેજલપુર પોલીસ સ્ટેશન :</u>

મે પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર સેકટર-૧ સાહેબ શ્રી ની મૌખિક સુચના આધારે પો.સ્ટે વિસ્તારમાં કાયદો તથા વ્યવસ્થા જાળવવા સારુ તેમજ ઘરફોડ ચોરી તથા અન્ય ગુન્હાઓ સોથી કાઢવા સારુ સુચના કરતા નાયબ પોલીસ કમિશ્નર સાહેબ શ્રી ઝોન-૭ તથા મદદનીશ પોલીસ કમિશ્નર સાહેબ શ્રી "એમ" ડીવિઝન્ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ અમો તથા પો.સબ.ઇન્સ. બી.બી.કોડીયાતર તથા અ.હેડ કોન્સ. રાજુભાઈ ગાંડાભાઈ બનં ૫૫૦૧ તથા પો કોન્સ જગદીશભાઈ તુલશીભાઈ બનં ૯૭૭૦ તથા પો કોન્સ અમજદખાન મહેબુબખાન બનં ૫૬૧૬ તથા પો કોન્સ પ્રવિણભાઈ દેવાભાઈ બનં ૪૩૫૮ તથા બીજા પોલીસ માણસો સાથે પો.સ્ટે.વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન અમોને તથા અ.હેડ.કોન્સ. રાજુભાઇ નાઓને બાતમી હક્કિત મળેલ કે મ.નં. ૬૭ ગુલાઝાર પાર્ક ગેટ નં ૧ સરખેજ રોડ ખાતે સદરી મકાન ના ત્રીજા માળે ગેરકાયદેસર કોલ સેન્ટર ચાલે છે જે હક્કિત આધારે  મ.નં. ૬૭ ગુલાઝાર પાર્ક ગેટ નં ૧ સરખેજ રોડ ખાતે સદરી મકાનના ત્રીજા માળ ખાતે રેઇડ કરતા ત્યાથી આરોપી નામે (૧) ગુલામસરવર સ/ઓ ફીરોજભાઇ અજમેરી ઉ.વ.૨૦ રહે: મ.નં.૫૩, ગાંધી સ્મૂતી, સોસાયટી, મોતી બેકરીની પાછળ, મદીના મસ્જિદની બાજુમાં,જુહાપુરા, અમદાવાદ +૩=૪ નાઓ ભેગા મળી એકબીજાની મદદગારી કરી ગેરકાયદેસર રીતે કોલસેન્ટર ચલાવી અમેરીકન નાગરીકોને લેપટોપ મારફ્તે સ્કાઈપી સોફટેવેર દ્વારા ઈન્ટનેટનાં માધ્યમથી ફોન કરી એક યા બીજા પ્રકારે તેઓની સાથે છેતરપીંડી આઈટ્યુન કાર્ડ મારફ્તે નાણા મેળવી ગુન્હો કરેલ હોય જે તમામ વિરુધ્ધમાં વેજલપુર પો.સ્ટે. ફ.ગુ.ર.નં.-૧૮૫/૧૭ ઈ.પી.કો. કલમ ૪૦૬,૪૨૦,૧૧૪ તથા ઈન્ફોરમેશન ટેકનોલોજી એક્ટ-૨૦૦૫ કલમ ૬૫,૬૬, ૬૭(એ)(બી)(સી)(ડી) મુજબ કાર્યવાહી કરી કુલ્લે રૂ. ૩૯૫૦૦/- ના મુદ્દામાલ સાથે કલાક-03/00 વાગે પકડી અટક કરી કાયદેશરની કાર્યવાહી કરી પ્રશંસનીય અને ઉમદા કામગીરી કરેલ છે.તા.૧૬/૦૯/૧૭

## સાબરમતી પોલીસ સ્ટેશન :

**સાબરમતી વિસ્તારમાંથી પૈસા પાનાથી તીન પત્તીનો જુગાર રમી રમાડતા કુલ નવ ઇસમોની કુલ્લે રૂપિયા 8,73,220/-ના મુદ્દામાલ સાથે ધરપકડ કરતી સાબરમતી પોલીસ**

મેં પોલીસ કમિશ્નર સાહેબ શ્રીનાઓની સુચના આધારે નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-2 અમદાવાદ શહેરનાઓ સાહેબનાઓના માર્ગદર્શન તથા સુચના આધારે આજરોજ પો.સબ.ઇન્સ શ્રી કે.એમ.છાસીયાનાઓને બાતમી હકીકત મળેલ કે ન્યુ રાણીપ માણકી સર્કલ પાસે આકાશ રેસીડેન્સી મ.નં-ડી-402 મા રહેતા હરીશભાઇ બાબુભાઇ પટેલનાઓ પોતાના રહેણાક મકાનમા પોતાના ફાયદા સારૂ બહારથી ગ્રાહકોને બોલાવીને પૈસા પાનાથી તીન પત્તીનો હારજીતનો જુગાર રમી રમાડી નાળના નાણા કાઢે છે અને હાલમા આ પ્રવુતી ચાલુ છે જે બાતમી હકીકત આધારે અમો ડી.વી.રાણા સીનીયર પોલીસ ઇન્સપેક્ટર તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એલ.ડીવીઝન અમદાવાદ શહેરનાઓ તથા પોલીસ સ્ટાફ તથા પંચો સાથે રાખી હકીકતવાળી જગ્યાએ રેડ કરી હકીકતવાળી જગ્યાએ મકાનમાં જુગાર રમતા કુલ નવ માણસોને પકડી લીઘેલ અને તેઓ પાસેથી જુગારના દાવના નાણા રૂપિયા 11,400/-તથા અંગ ઝડતીના નાણા રૂપિયા 92,120/- તથા બીજા ડીપોઝીટ પેટેના જમા રાખેલ નાણા રૂપિયા 2,50,000/-ના તથા મોબાઇલ ફોન તથા વાહનો **મળી કુલ્લે રૂપિયા 8,73,220/- નો મુદ્દામાલ કબજે** લીઘેલ છે અને તમામ વિરૂધ્ધમાં સાબરમતી પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી નં -3170/2017 જુગાર ધારા કલમ 4,5 મુજબનો ગુનો દાખલ કરી આગળની વધુ તપાસ પો.સબ.ઇન્સ શ્રી કે.એમ.છાસીયાનાઓ ચલાવી રહેલ છે

## વટવા પોલીસ સ્ટેશન :

મે.પોલીસ કમિશ્નરશ્રી અ'વાદ શહેર તથા મે.અધીક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ નાઓના માર્ગદર્શન મુજબ અને મદદનીશ પો.કમી શ્રી "જે" ડીવીઝન સાહેબ તથા વટવા પોલીસ સ્ટેશન પોલીસ ઇંસ્પેક્ટર શ્રી બી.જે.સરવૈયા નાઓની સુચના મુજબ પો.સ.ઇ એસ.એ.ગોહીલ તથા સાથેના સ્ટાફના માણસો હે કો કૈલાસરાવ હીમતરાવ બં નં-૭૮૪૫ તથા પોકો ધનશ્યાભાઈ મેકરણભાઈ બનં ૧૦૦૦૩ તથા પોકો જયરાજદાન મનહરદાન બનં ૧૦૦૦૬ તથા પોકો અનીશખાન ઈશાકખાન બ.નં.૪૮૦૪ નાઓ સાથે પોલીસ સ્ટેશન ડી સ્ટાફ ઓફીસ ખાતે કલાક-૧૮/૩૦ હાજર જતા જે દરમ્યાન સાથેના પો.કો ધનશ્યાભાઈ મેકરણભાઈ બનં ૧૦૦૦૩ નાઓની ખાનગી બાતમી હકિક્ત આધારે વટવા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૨૪૮/૨૦૧૬ ધી ઇ પી કો કલમ-૧૪૩,૧૪૭,૧૪૯ જી.પી.એક્ટ ૧૩૫(૧) તથા એટ્રો સીટી એક્ટ કલમ-૩(૧)(આર)(એસ),૩(૨)(૫)(અ) મુજબના ગુનાના કામે નાસતો ફરતો આરોપી વિક્રાત ઉર્ફે મુસ્કી સ/ઓ શ્રીતારકેશ્વરરાય જાતે-રાય(ભુમીયાર) ઉવ-૧૮ વર્ષ દસ-માસ રહે મનં-એલ/૩૧૪ હરેકુષ્ણ ફ્લેટ વેટકન ચોકીની બાજુમા બચુભાઈ નો કુવો વટવા અ'વદ શહેર મુળ વતન-ગામ-પંડીતપુરા થાના ભાટપારાની તાલુકો-ભાટપારાની જીલ્લો દેવરીયા ઉતરપ્રદેસ આરોપીને સી.આર.પી.સી કલમ-૪૧(૧)(આઇ) મુજબ તા.૧૫/૦૯/૨૦૧૭ ના કલાક. ૧૯/૩૦ વાગે પકડી અટક કરેલ હોય અને મે.મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી જે ડીવીજન નાઓએ આગળની વધુ તપાસ હાથ ધરવામા આવેલ છે.

તા-૧૫/૦૯/૨૦૧૭

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.